પૂર્વછાયો- સુણો નર વળી શ્રવણે, એક અનુપ આખ્યાન ।
આવે ખુમારી અંતરે, સહુ સાંભળજ્યો સાવધાન ॥૧॥
મોટા હરિજન હરિના, જેનાં તપ પરાયણ તન ।
ત્યાગ વૈરાગ્યની મૂરતિ, અતિ નિયમમાં જેનાં મન ॥૨॥
જે દિના મહારાજ મળિયા, ટળિયા તે દિના વિકાર ।
અંતરમાં અણગમતો, થયો સરવે સંસાર ॥૩॥
માત તાત કુળ કુટુંબનો, જેણે કર્યો અતિશે અભાવ ।
ભજ્યા શ્રીભગવાનને, તજી અન્ય ઉછાવ ॥૪॥

ચોપાઇ- ધન્ય જીવુબાઇ હરિજન, રૂડાં રાજબાઇ છે પાવન ।

મળ્યા જે દિના જીવનપ્રાણ, સ્વામી સહજાનંદ સુખખાણ ॥૫॥
તે દિનાં તન સુખને તજી, ભાવે લીધા ભગવાન ભજી ।
હરિ ભજતામાં જે જે હવું, તેની વાત વિગતે વર્ણવું ॥૬॥
જીવુબાઈ હરિજન હવા, માંડી હરિ મૂરતિ પૂજવા ।
તેને તાત કહે સુણો બાઈ, આ શું લીધું બાળાપણમાંઈ ॥૭॥
જ્યારે મોટાં થાઓ બાઈ તમે, કરજ્યો પૂજા રાજી છીએ અમે ।
ત્યારે જીવુબાઈ કહે તાત, એવી અમને ન કહેવી વાત ॥૮॥
નહીં આ તનનો વિશવાસ, અચાનક થઈ જાય નાશ ।
વૃધ્ધપણાને વાયદે રહેવું, અમને નથી મનાતું એવું ॥૯॥
માટે એ વાત તો ન કહેવી, આ મૂરતિ નથી મૂક્યા જેવી ।
ત્યારે તાતે તે કર્યો વિચાર, એવો શું હશે ચમતકાર ॥૧૦॥
જ્યારે દેખું અલૌકિક કાંઈ, ત્યારે મનાય અંતરમાંઈ ।
એમ કરતાં વિત્યા કાંઈ દન, પરચો પામવા ઈચ્છ્યા છે મન ॥૧૧॥
પડી સાંજ ને કરી આરતિ, જીવુબાઈએ ભાવેશું અતિ ।
પછી દૂધ કટોરો ભરીને, આપ્યો હેતેશું પિવા હરિને ॥૧૨॥
પછી બાળમુકુન્દ મહારાજે, પિધું દૂધ જન હેત કાજે ।
જોઈ સહુ જન આશ્ચર્ય પામ્યાં, શિશ જીવુબાને પાય નામ્યાં ॥૧૩॥
તાતને ન ગમતું લગાર, તે પણ નમ્યા વારમવાર ।
ધન્ય બાઈ તમારી ભગતિ, ઘેલાઈમાં મેં ન જાણી ગતિ ॥૧૪॥
તમે નહિ મનુષ્ય મેં જાણ્યું, છો દેવતા આજ પરમાણ્યું ।
તમે લીધો આંહિ અવતાર, મારા પુણ્યતણો નહિ પાર ॥૧૫॥
એમ જીવુબાને જગદીશ, આપે હરિ પરચા હમેશ ।
જેજે લીળા કરે અવિનાશ, હોય દૂર તો દેખાય પાસ ॥૧૬॥
હોય હરિ સોય કોશ માથે, પણ દેખાય સદાય સાથે ।
જેજે ક્રિયા કરે હરિ કાંઈ, તેતો જાણે સર્વે જીવુબાઈ ॥૧૭॥
નિરાવરણ દૃષ્ટિ નિરધાર, બીજા પરચાનો નહિ પાર ।
જાણે બીજાના અંતરની આપ, તેતો મહારાજનો પરતાપ ॥૧૮॥

હવે રાજબાઈની જે રીત્ય, કહું પવિત્ર અતિપુનિત ।
મળ્યા જે દિના શ્રી મહારાજ, તજી તેદિ થકી લોકલાજ ॥૧૯॥
તેને મહારાજે મોકલ્યું કાવી, ભક્તિ તમારી મુજને ભાવી ।
પણ માનવું એક વચન, પરણી ભજવા શ્રી ભગવન ॥૨૦॥
માનો આજ્ઞા અમારી આ વાર, નહિતો થાશો સતસંગ બાર ।
એવું આવ્યું બાઈને વચન, તેણે પીડા પામ્યાં તન મન ॥૨૧॥
પછી માત તાત કુળ મળી, કર્યો વિવાહ બાઈનો વળી ।
પરણાવી સાસરે વળાવ્યાં, બાઈ સાસરાને ગામ આવ્યાં ॥૨૨॥
દિઠું પુરુષે બાઈનું રૂપ, સિંહ સાદૃશ્ય ભાશ્યું સ્વરૂપ ।
જોઈ પુરુષ પાછો જ ભાગ્યો, અતિ ડર મનમાંહિ લાગ્યો ॥૨૩॥
આતો મનુષ્ય નહિ નિરધાર, કોઈ કારણિક અવતાર ।
માટે વેલ્ય એની પાછી વાળો, જો મારું ભલું થાવાનું ભાળો ॥૨૪॥
પછી બાઈ આવિયાં પિયેર, કર્યું સંસારી સુખશું વેર ।
ઝીણાં વસ્ત્ર આભૂષણ અંગ, તેનો તર્ત તજ્યો પરસંગ ॥૨૫॥
ગળ્યું ચીંકણું સરસ અન્ન, તજ્યું તેનું કરવું ભોજન ।
ખાટ પાટ પર્યંક પલંગે, તજી સુવે ભૂમિપર અંગે ॥૨૬॥
અતિ ત્યાગે કરી તન ગાળ્યું, લોહી માંસ શરીરનું બાળ્યું ।
અતિશય તન મન દમ્યું, તેતો કુટુંબને નવ ગમ્યું ॥૨૭॥
પછી તજ્યા તેને તેહ વાર, અન્ન જળનો ન રાખ્યો વેવાર ।
એણી રીત્યે ભજ્યા ભગવાન, પાળી અતિ મોટાં વ્રતમાન ॥૨૮॥
તે પ્રતાપ શ્રી મહારાજતણો, શું કહીએ મહિમા મુખે ઘણો ।
એમ કરે નિજજનની સાય, માટે મોટો હરિ મહિમાય ॥૨૯॥
વળી એક દિવસને માંઈ, કરી હરિએ જનની સાય ।
તેની વાત કહું લિયો જાણી, પ્રભુ પધારિયા કારિયાણી ॥૩૦॥
તે સાંભળી ચાલ્યાં દરશને, અતિ બાળક કોમળ તને ।
ભેળો નહિ કોઈ બીજો ભાઈ, ચાલ્યાં બાળબુધ્ધિ ત્રણ બાઈ ॥૩૧॥
મેલ્યું ગામ સીમ લાગી પ્યાસ, પાણી પળિ નહિ પોતા પાસ ।

લાગ્યા પગમાં કાંટા કઠણ, ખૂંચે કાંકરા આકરા કણ ॥૩૨॥
અતિકષ્ટમાં પિડાણા પ્રાણ, નહિ દેહ રહ્યાનાં એંધાણ ।
એવા સમામાં આવ્યા મહારાજ, જન કષ્ટ નિવારવા કાજ ॥૩૩॥
ભેળું લાવ્યા જળ ઠામ ભરી, પાઈ પાણી પ્યાસ ત્રાસ હરિ ।
કાઢ્યા કાંટા તે પોત્યે પગના, થયા ભોમિયા મોરે મારગના ॥૩૪॥
આપ્યા મોદક ને પાયું પાણી, ધીરે ધીરે આવ્યાં કારિયાણી ।
કહ્યું જાઓ બાઈઓ ગામમાંહી, સ્વામી સહજાનંદજી છે આંહી ॥૩૫॥
પાંચ છોછો વરષનાં તમે, તેહ સારુ ભેળા ચાલ્યા અમે ।
હવે સુખે જાઓ ગામમાંય, મનમાં બીક રાખશો માં કાંય ॥૩૬॥
પછી બાળકીયો ત્રણ્યે મળી, લાગ્યાં મહારાજને પાય લળી ।
પછી તેહને પૂછે છે નાથ, તમે આંહિ આવ્યાં કોણ સાથ ॥૩૭॥
કહ્યું વિપ્ર એક ભેળો હતો, આવ્યો બહુ ચાકરી કરતો ।
આપ્યા મોદક ને પાયાં પાણી, કાઢ્યા કાંટા તે પગના તાણી ॥૩૮॥
સુખે પહોંચાડ્યાં અમને આંઈ, નહિ તો ભૂલાં પડી જાત ક્યાંઈ ।
ત્યારે મહારાજ કહે હતા અમે, કેમ ઓળખતાં નથી તમે ॥૩૯॥
આપ્યાં એંધાણ મારગતણાં, તમે પ્યાસે દુઃખી હતાં ઘણાં ।
પાયું પાણી મેં મોદક દીધા, તમે ત્રણે મળી વળી લીધા ॥૪૦॥
એમ કહીને હસ્યા મહારાજ, કર્યું નિજસેવકનું કાજ ।
એમ હરિએ કરી સહાય, સર્વે વિસ્મય પામ્યા મનમાંય ॥૪૧॥
જેને લાવ્યા કારિયાણી ગામ, તેનું પાંચુ નાનું રામું નામ ।
એમ આપ્યા જનને આનંદ, સુખદાયી સ્વામી સહજાનંદ ॥૪૨॥

ઇતિ શ્રીમદેકાન્તિકધર્મ પ્રવર્તક શ્રીસહજાનંદસ્વામિ શિષ્ય નિષ્કુળાનંદ મુનિ વિરચિતે ભક્તચિંતામણિ મધ્યે શ્રીજી મહારાજે જીવુબાઈ તથા રાજબાઈ એ સર્વેને પરચા પૂર્યા એ નામે એકસો બત્રિશમું પ્રકરણમ્ ૧૩૨